પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૪૦ | ૨૧ એપ્રિલ, ૨૦૨૨, ગુરુવાર; ચૈત્ર વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# આયુષ વિઝા કેટેગરી શરૂ કરાશે : મોદી

**વડાપ્રધાને મહાત્મા મંદિર ખાતે ૩ દિવસીય આયુષ સમિટનું ઉદ્‌ઘાટન કર્યું : હેલ્થ ટુરિઝમ ક્ષેત્રે ભારત આકર્ષણનું કેન્દ્ર બન્યું છે, સ્પેશિયલ આયુષ માર્ક બનાવવાની યોજના : WHOના વડાનું ગુજરાતી નામ તુલસી રાખતા મોદી**





ગાંધીનગર, તા. ૨૦

વિશ્વભરમાં ટ્રેડિશનલ મેડિસિનના નવા યુગની શરૂઆત થઈ ગઈ છે ત્યારે પરંપરાગત દવાઓમાં ઈનોવેશન, ઈન્વેસ્ટમેન્ટના સામર્થ્યને વધુ મજબૂત બનાવી - આ ક્ષેત્રે નવા-નવા સ્ટાર્ટઅપ્સના માધ્યમ દ્વારા વિશ્વભરના દેશોને નવો રાહ ચીંધશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા ગ્લોબલ આયુષ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈનોવેશન સમિટ-૨૦૨૨ના ઉદ્‌ઘાટન પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કહ્યુ હતું કે ભારત મેડિકલ ટૂરિઝમ ક્ષેત્રે અન્ય દેશો માટે બેસ્ટ ડેસ્ટિનેશન બની ગયું છે. આ ક્ષેત્રમાં પણ રોકાણની અનેક સંભાવનાઓ ઉભરી આવી છે. આજે જ્યારે ભારત આઝાદીના અમૃત વર્ષની ઉજવણી કરી રહ્યું છે, ત્યારે આગામી ૨૫ વર્ષનો અમૃતકાળ દુનિયાભરમાં પરંપરાગત દવાઓના ક્ષેત્રે ભારતનો સુવર્ણકાળ સાબિત થશે.



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આજથી શરૂ થયેલી ગ્લોબલ આયુષ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈનોવેશન સમિટનો પ્રારંભ કરાવતા જણાવ્યું હતું કે ગ્લોબલ આયુષ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈનોવેશન સમિટનો વિચાર તેમને કોવિડ-૧૯ ના રોગચાળા સમયે આવ્યો હતો. જ્યારે આયુષે લોકોની રોગપ્રતિકારક શક્તિમાં સુધારો કરવા માટે મજબૂત ટેકો પૂરો પાડ્યો હતો અને આયુષ ઉત્પાદનોની માંગમાં વધારો જોવા મળ્યો હતો. કોવિડની મહામારીને પહોંચી વળવા માટેના ભારતીય પ્રયાસોને યાદ કરતાં વડાપ્રધાને આધુનિક ફાર્મા કંપનીઓ અને રસી ઉત્પાદકો દ્વારા કરવામાં આવેલી કામગીરીની નોંધ લેતા કહ્યું કે જો ભારતીય ફાર્મા કંપનીઓને યોગ્ય સમયે રોકાણ મળ્યું તેના થકી જ આટલી ઝડપથી

● અનુસંધાન પાન-૭ પર

**મેડિકલ ટૂરિઝમ માટે ભારત બેસ્ટ ડેસ્ટિનેશન : આગામી ૨૫ વર્ષનો અમૃતકાળ દુનિયાભરમાં પરંપરાગત દવાઓના ક્ષેત્રે ભારતનો સુવર્ણકાળ સાબિત થશે : પ્રવાસનક્ષેત્રના વિકાસમાં પરંપરાગત દવાઓની સંભાવના ધ્યાને લઈ 'હીલ ઇન ઇન્ડિયા' આ દાયકાની મોટી બ્રાન્ડ બનશે : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી**

## જહાંગીરપુરીમાં ગેરકાયદેસર કબજાઓ પર બુલડોઝર ફર્યુ

**જહાંગીરપુરીમાં MCDની કાર્યવાહી : અતિક્રમણ હટાવવાના આદેશને ધ્યાનમાં રાખીને દિલ્હી પોલીસના તમામ જવાનો અને અર્ધલશ્કરી દળ તૈનાત**

નવી દિલ્હી, તા.૨૦

દિલ્હીના જહાંગીરપુરી વિસ્તારમાં ગેરકાયદેસર અતિક્રમણ હટાવવા માટે સ્ઝ્ઢ દ્વારા આજે બુલડોઝર ચલાવવામાં આવી રહ્યુ છે. આદેશ બાદ જહાંગીરપુરી વિસ્તારમાં રસ્તાઓ પર અતિક્રમણ કરનારા તમામ લોકો સવારથી જ સામાન હટાવવા માટે આવી ગયા હતા. જે લોકોએ રસ્તા પર અતિક્રમણ કર્યું હતું તે તમામ લોકો પોતાનો સામાન રસ્તા પરથી હટાવવા



જહાંગીરપુરી હિંસા બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ કડક બન્યા બાદ વહીવટીતંત્ર પણ ખૂબ જ કડક બન્યું છે. જહાંગીરપુરીમાં દિલ્હી પોલીસના ભારે પોલીસ દળ સહિત પેરા મિલિટરી ફોર્સ તૈનાત કરવામાં આવી છે. જણાવી દઈએ કે જહાંગીરપુરીમાં અતિક્રમણ હટાવવાના આદેશને ધ્યાનમાં રાખીને દિલ્હી પોલીસના તમામ જવાનો અને અર્ધલશ્કરી દળને તૈનાત કરવામાં આવ્યા છે. સવારથી જ દિલ્હી પોલીસે સમગ્ર વિસ્તારને છાવણીમાં ફેરવી દીધો છે. બીજી તરફ, જહાંગીરપુરીમાં હિંસા બાદ ઉત્તર સ્ઝ્ઢના કડક આદેશો અને ગૃહ મંત્રાલયના કડક પગલાં લેવાના પહોંચી ગયા છે. સ્ઝ્ઢ એ આ સમયગાળા દરમિયાન કાયદો અને વ્યવસ્થા સંભાળવા માટે દિલ્હી પોલીસ પાસેથી ૪૦૦ કર્મચારીઓની માંગણી કરી છે, જેઓ કાયદો અને વ્યવસ્થા સંભાળશે. રોડની બાજુમાં જે કચરો પડેલો છે, તે કચરો બુલડોઝર દ્વારા દૂર કરી શકાશે.

### જહાંગીરપુરીમાં એમસીડી કાર્યવાહી પર સુપ્રીમની રોક

નવી દિલ્હી, તા.૨૦

સુપ્રીમ કોર્ટે જહાંગીરપુરીમાં એમસીડીની કાર્યવાહી પર રોક લગાવી દીધી છે. કોર્ટે જહાંગીરપુરીમાં ઉત્તર દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અતિક્રમણ વિરુદ્ધ ચલાવવામાં આવી રહેલા અભિયાન પર યથાસ્થિતિ જાળવી રાખવાનો આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટ આવતીકાલે એટલે કે ગુરુવારે આ મામલે સુનાવણી કરશે.

## દેશમાં કોરોનાની ચોથી લહેરનાં ભણકારા

**દિલ્હીમાં માસ્ક ફરીથી ફરજિયાત કરવાની સાથે ના પહેરનારા લોકોને મોટો દંડ ફટકારવાની પણ જાહેરાત**

નવી દિલ્હી, તા.૨૦

ભારતમાં કોરોના વાયરસના કેસમાં ફરી વધારો થતા ચોથી લહેરના ભણકારા વાગી રહ્યા છે. જોકે, દેશના અમુક રાજ્યોને બાદ કરતા સ્થિતિ તમામ જગ્યાએ કાબૂમાં છે.

આવામાં દેશની રાજધાની દિલ્હીમાં જે રીતે કોરોનાનો ખતરો વધી રહ્યો છે તે જોતા ફરી એકવાર માસ્ક પહેરવાનો નિયમ ફરજિયાત કરી દેવામાં આવ્યો છે. અગાઉ કોરોના લગભગ ગાયબ થઈ જવા જેવી સ્થિતિ બની હતી ત્યારે દિલ્હીની કેજરીવાલ સરકારે લોકોને માસ્કથી મુક્તિ આપી દીધી હતી. માસ્ક પહેરવાનું દિલ્હીમાં ફરજિયાત કરવાની સાથે ના પહેરનારા લોકોને મોટો દંડ ફટકારવાની પણ જાહેરાત કરવામાં આવી છે. ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (ડીડીએમએ)ની દિલ્હીમાં મળેલી બેઠક દરમિયાન માસ્ક પહેરવાનું ફરિયાદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

હવેથી દિલ્હીમાં માસ્કથી મુક્તિ મળ્યા બાદ ફરી એકવાર માસ્કના નિયમનું ઉલ્લંઘન કરનારી વ્યક્તિને ૫૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવશે. બીજી તરફ સ્કૂલો બંધ નહીં કરવાનો પણ નિર્ણય ડીડીએમએની બેઠકમાં લેવામાં આવ્યો છે. સ્કૂલો ચાલુ રાખવા અંગે એક્સપર્ટ પાસેથી લેવામાં આવેલી સલાહના આધારે એક માર્ગદર્શિકા જાહેર કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

### દિલ્હીમાં છેલ્લા ૩ દિવસમાં કોરોનાના ૧૬૫૦ નવા કેસ

નવી દિલ્હી,તા.૨૦

દેશની રાજધાની દિલ્હીમાં કોરોના વાયરસની ઝડપે ફરી એકવાર બધાને ડરાવ્યા છે. સતત વધી રહેલા કેસોને કારણે રાજધાનીમાં કોરોનાની ચોથી લહેરનો અવાજ સંભળાઈ રહ્યો છે. છેલ્લા ત્રણ દિવસથી દિલ્હીમાં સતત કોરોના વાયરસના ચેપના ૫૦૦ થી વધુ નવા કેસ નોંધાઈ રહ્યા છે. જો કે, આ સમયગાળા દરમિયાન ચેપનો દર સતત વધઘટ થતો રહ્યો છે. મંગળવારે દિલ્હીમાં કોવિડ-૧૯ના ૬૩૨ નવા કેસ નોંધાયા છે, જ્યારે ચેપનો દર ૪.૪૨ ટકા નોંધાયો છે. દિલ્હીના આરોગ્ય વિભાગના ડેટા પરથી આ માહિતી મળી છે. આરોગ્ય વિભાગના આંકડા અનુસાર, દિલ્હીમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસને કારણે કોઈનું મોત થયું નથી. વિભાગે કહ્યું કે કોવિડ-૧૯ના ૬૩૨ નવા કેસ નોંધાયા છે અને ચેપનો દર ૪.૪૨ ટકા છે. સોમવારે, રાષ્ટ્રીય રાજધાનીમાં કોવિડ -૧૯ ના ૫૦૧ કેસ અને કોઈનું મૃત્યુ થયું નથી, જ્યારે ચેપ દર ૭.૭૨ ટકા હતો. રાષ્ટ્રીય રાજધાનીમાં ૫૧૭ કેસ સાથે રવિવારે ચેપ દર ૪.૨૧ ટકા નોંધાયો હતો. નવા કેસ સાથે, દિલ્હીમાં સંક્રમિતોની સંખ્યા વધીને ૧૮,૬૯,૬૮૩ થઈ ગઈ, જ્યારે મૃત્યુઆંક ૨૬,૧૬૦ થયો. મંગળવારે જાહેર કરવામાં આવેલા હેલ્થ બુલેટિનમાં કહેવામાં આવ્યું છે કે કુલ ૧,૨૭૪ દર્દીઓ હોમ આઈસોલેશનમાં છે. આ રીતે, છેલ્લા ત્રણ દિવસમાં, રાજધાનીમાં ૧૬૫૦ કોરોના કેસ નોંધાયા છે.

### દેશમાં કોરોનાના નવા ૨૦૬૭ કેસ

નવી દિલ્હી, તા.૨૦

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨,૦૬૭ નવા કેસ નોંધાયા છે. આજે સવારે ૭ વાગ્યા સુધીના કામચલાઉ અહેવાલો મુજબ ભારતનું કોવિડ-૧૯ રસીકરણ કવરેજ ૧૮૬.૯૦ કરોડ (૧,૮૬,૯૦,૫૬,૬૦૭) ને વટાવી ગયું છે. આ ૨,૨૮,૩૧,૯૦૧ સત્રો દ્વારા હાંસલ કરવામાં આવ્યું છે.૧૨-૧૪ વર્ષની વય જૂથ માટે કોવિડ-૧૯ રસીકરણ ૧૬ માર્ચ, ૨૦૨૨ના રોજ શરૂ કરવામાં આવ્યું હતું. અત્યાર સુધીમાં, ૨.૫૦ કરોડ (૨,૫૦,૮૩,૯૪૦) થી વધુ કિશોરોને કોવિડ-૧૯ રસીના પ્રથમ ડોઝ સાથે આપવામાં આવ્યા છે. તેવી જ રીતે, ૧૮-૫૯ વર્ષની વય જૂથ માટે કોવિડ-૧૯ સાવચેતી ડોઝ એડમિનિસ્ટ્રેશન પણ ગઈકાલે એટલે કે ૧૦મી એપ્રિલ ૨૦૨૨ પછી શરૂ થયું હતું. અત્યાર સુધીમાં, સાવચેતીના ૨,૧૧,૦૦૦ ડોઝ આપવામાં આવ્યા હતા. ભારતનો સક્રિય કેસલોડ ઘટીને ૧૨,૩૪૦ થયો છે. દેશના કુલ પોઝિટિવ કેસના ૦.૦૩% સક્રિય કેસ છે. પરિણામે, ભારતનો રિકવરી રેટ ૯૮.૭૬% છે.

## રશિયાની સેના જંગલી, તમામ હદો પાર કરી દીધી : જેલેન્સ્કી

**યુક્રેનના રષ્ટ્રપતિનો રશિયા પર ગંભીર આરોપ : રશિયાની સેના પાસે જેટલા પણ હથિયાર છે તે તમામનો યુક્રેન સામે ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાનો દાવો**

કીવ, તા.૨૦

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા જંગમાં યુક્રેનના રાષ્ટ્રપતિ જેલેન્સ્કીએ આરોપ લગાવતા કહ્યુ છે કે, રશિયાની સેના દુનિયાની સૌથી જંગલી સેના છે. રશિયાના સૈનિકોએ જંગાલિયતની તમામ હદો પાર કરી દીધી છે.

તેમણે કહ્યુ હતુ કે, રશિયાની સેના પાસે જેટલા પણ હથિયાર છે તે તમામનો યુક્રેન સામે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. રશિયાના સૈનિકોએ એ દરેક વસ્તુ તેમજ વ્યક્તિને ટાર્ગેટ કર્યા છે જે યુક્રેનને મદદ કરી શકે તેમ હોય.

જેલેન્સ્કીએ કહ્યુ હતુ કે, રશિયાના સૈનિકો આમ નાગરિકોની હત્યા કરી રહ્યા છે. વિશ્વના ઈતિહાસમાં રશિયાની સેના પોતાનુ નામ સૌથી જંગલી અને અમાનવીય સેના તરીકે લખાવવા જઈ રહી છે.

તેમણે પશ્ચિમના દેશોને અપીલ કરી હતી કે, અમને વહેલી તકે હથિયારો પૂરા પાડવામાં આવે. જેથી અમે હજારો લોકોના જીવ બચાવી શકીએ.

દરમિયાન રશિયાએ યુક્રેનના પૂર્વ વિસ્તારમાં ડોનબાસ પરના હુમલા વધારે ઉગ્ર બનાવ્યા છે. જેથી આ વિસ્તારની કોલસાની ખાણો અને કારખાનોએ પર કબ્જો કરી શકાય. જોકે યુક્રેનની સેના પણ આ હુમલાઓનો જડબાતોડ જવાબ આપી રહી છે.

### બ્રહ્મોસ સુપર સોનિક મિસાઈલનું પરીક્ષણ

નવી દિલ્હી, તા.૨૦

ભારતીય નૌસેનાના યુધ્ધ જહાજ આઈએનએસ દિલ્હી પરથી વધુ એક બ્રહ્મોસ સુપર સોનિક મિસાઈલનુ પરિક્ષણ કરવામાં આવ્યુ છે. બ્રહ્મોસના ટાર્ગેટ તરીકે નૌસેનાના રિટાયર કરી દેવાયેલા જહાજનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. બ્રહ્મોસ પર કોઈ જાતનો વોરહેડ ફિટ કરાયો નહોતો. આમ છતા પ્રતિ કલાક ૩૦૦૦ કિલોમીટરની રફતારથી લોન્ચ થયેલી મિસાઈલે ટાર્ગેટ તરીકે ઉપયોગમાં લેવાયેલા જહાજમાં મોટુ ગાબડુ પાડી દીધુ હતુ. સાથે સાથે આ પરિક્ષણમાં ભારતીય વાયુસેનાએ પણ ભાગ લીધો હતો. સમુદ્ર તટ પર સુખોઈ વિમાનમાંથી બ્રહ્મોસ મિસાઈલ લોન્ચ કરવામાં આવી હતી.

## પાવર પ્લાન્ટ્સમાં કોલસા ન પહોંચતા તોળાતું વીજ સંકટ

**ઓલ ઈન્ડિયા પાવર એન્જિનિયર્સ ફેડરેશનની ચેતવણી**

નવી દિલ્હી, તા.૨૦

ઓલ ઈન્ડિયા પાવર એન્જિનિયર્સ ફેડરેશને ચેતવણી આપી છે કે, આકરી ગરમીમાં દેશના માથા પર વીજળી સંકટ તોળાઈ રહ્યુ છે.

સંગઠનનુ કહેવુ છે કે, દેશભરમાં થર્મલ પાવર પ્લાન્ટસમાં કોલસાનો સમયસર સપ્લાય પહોંચી રહ્યો નથી. તેના કારણે આવનારા સમયમાં વીજળીની ખેંચ ઉભી થશે.

ગરમી વધવાની સાથે દેશમાં વીજળીની ડીમાડ્ વધી છે પણ તેની સામે થર્મલ પાવર પ્લાન્ટસને જરૂરી કોલસો મળી રહ્યો નથી. સપ્લાય અને ડીમાન્ડ વચ્ચે સંતુલન જાળવવામાં ઘણા રાજ્યોને મુશ્કેલી પડી રહી છે. સંગઠનના પ્રવક્તાએ સરકારના જ રિપોર્ટનો હવાલો આપીને કહ્યુ છે કે, કોલસાનો ઉપયોગ કરતા ૧૫૦ થર્મલ પાવર સ્ટેશનમાંથી ૮૧માં કોલસાના સ્ટોકની કટોટી સર્જાયેલી છે. ખાનગી પાવર પ્લાન્ટની સ્થિતિ પણ સારી નથી. આવા ૫૪ પૈકી ૨૮ પ્લાન્ટમાં કોલસાની અછત સર્જાવાની શક્યતા છે.

દેશમાં સૌથી ખરાબ સ્થિતિ રાજસ્થાન અને યુપીની છે.રાજસ્થાનમાં તમામ પ્લાન્ટ પાસે બહુ ઓછો સ્ટોક બ્યો છે. યુપીમાં પણ ત્રણ સરકારી પાવર પ્લાન્ટમાં કોલસાના સ્ટોકની સ્અથિતિ ગંભીર છે. પંજાબમાં પણ એક પ્લાન્ટ પાસે ૧૭ અને એક પાસે ચાર દિવસનો સ્ટોક છે. અન્ય એક પ્લાન્ટ પાસેનો સ્ટોક ખતમ થઈ ચુકયો છે.

યુપીમાં ૧૨૦૦ મેગાવોટ અને હરિયાણામાં ૬૦૦ મેગાવોટની વીજળી અછત સાંજના સમયે રેકોર્ડ થઈ છે.

ફ્લેટ વેચવાના છે

3BHK-૨૦૦ વાર
E-202, E-203,
શ્રી રંગ ઓએસીસ
શાહપુર-ગીફ્ટસીટી રોડ, રાંદેસણ, ગાંધીનગર

4-BHK-૩૦૦ વાર
B-301, B-302
શ્રી રંગ એરોમા
શાહપુર-ગીફ્ટસીટી રોડ, રાંદેસણ, ગાંધીનગર

Mo. 9712986160
Ashvin
Mo. 001-617 669 0888
V. K. Patel